# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## VIDHANSABHA SATRA

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનુ ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. પંદરમી વિધાનસભાના પાંચમુ સત્ર 21 થી 23 એમ ત્રણ દિવસનુ રહેશે.. આ ત્રણ દિવસના આ સત્રના પ્રથમ દિવસની શરૂઆત શોકદર્શક ઠરાવો દ્વારા થશે.. ગુજરાત વિધાનસભામાં પૂર્વ ધારાસભ્યો અને અન્ય રાજકીય- સામાજીક આગેવાનોના નિધન અંગે શોકદર્શક ઠરાવ પસાર કરીને તેમને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે..આ શોકદર્શક ઠરાવો બાદ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે.. પહેલા દિવસે બે સત્રમાં કામગીરી કરવામાં આવશે. જ્યારે ગુરૂવાર એટલે કે સત્રના બીજા દિવસે સરકારી વિધેયકો રજૂ કરવામાં આવશે અને ગૃહના કામકાજના સમય દરમિયાન આ કામગીરી અને વિધયકો ઉપર ચર્ચા કરવામાં આવશે જ્યારે સત્રના ત્રીજા અને અંતિમ દિવસે સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે જ્યારે અંતિમ સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને ગૃહનું સમાપન કરવામાં આવશે.

-----------------

## VIGNAN GURJARI SEMINAR

વિજ્ઞાન ગુર્જરી દ્વારા ગાંધીનગર સ્થિત નાઇપર ખાતે વિજ્ઞાન વિમર્શ કાર્યક્રમ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો

હતો.          ઇસરો, પીઆરએલ, નાઇપર  તેમજ IIT-ગાંધીનગર, ગુજરાત ટેકનોલોજીક યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સીટી, આંબેડકર યુનિવર્સીટી જેવી ૨૦ જેટલી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિજ્ઞાન અને સંશોધનાત્મક ક્ષેત્રે કેવી રીતે ગુજરાત હરણફાળ ભરી શકે તે વિષય પર ચિંતન થયું હતું.. અમદાવાદ,ગાંધીનગર અને ગીફ્ટ સીટીને સાંકળીને નોલેજ હબ કેવી રીતે બનાવી શકાય તે મુદ્દે  પણ ચર્ચા વિચારણા થઈ હતી.

-----------------

## MAGFALI CROP GUIDELINES

રાજ્યભરમાં ખેડૂતોએ મગફળીનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર કર્યું છે. ચોમાસા દરમિયાન મગફળીમાં સફેદ  કીટકનો ઉપદ્રવ જોવા મળતો હોય છે. આ કીટકના અસરકારક નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે તાજેતરમાં જ ખેતી નિયામકની કચેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ પગલાઓ સૂચવતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.  જે ખેતી નિયામકની સાઇટ પર જોઇ શકાશે.

------------------------

## NIDHAN- MANJU MEHTA

પ્રસિધ્ધ  સિતારવાદક અને સપ્તક સંસ્થાના સ્થાપક વિદુષી  મંજુ મહેતાનું આજે નિધન થયું છે. તેમના નિધનથી સંગીત જગતમાં ઘેરા

શોકની લાગણી ફેલાઈ છે. જયપુરના ભટ્ટ ઘરાનાના મંજુ મહેતા 80 વર્ષના હતા. મંજુબેને ઓલ ઈન્ડિયા રેડિયોના સંગીતના રાષ્ટ્રીય કાર્યક્રમ અને આકાશવાણીનાં દિવાળી સંગીત સંમેલનમાં અનેક વખત રજૂઆત કરી હતી.

મંજુ મહેતાને ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત પુરસ્કાર, ગુજરાત સરકાર દ્વારા પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડ અને ગુજરાત સંગીત નાટક એકેડેમી દ્વારા ગૌરવ પુરસ્કાર સહિતના અનેક ટોચના પુરસ્કાર એનાયત થયા હતા. તેમની અંતિમયાત્રા આજે બપોરે સાડા ત્રણ કલાકે તેમનાં નિવાસસ્થાનેથી નીકળશે.

------------------------------

## WEATHER

હવામાન વિભાગે આજે અને આવતી કાલે તાપી, નવસારી, ડાંગ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. માછીમારોને 23 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં માત્ર 17 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. નવસારીના ખેરગામ તાલુકા અને ભાવનગરના તળાજા તાલુકામાં એક-એક ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 73 ટકા વરસાદ

વરસ્યો હોવાના અહેવાલ છે. સૌથી વધુ 89 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. દક્ષિણ ગુજરાત ઝોનમાં 87 ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં 81 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 57 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 55 ટકા વરસાદ પડ્યો છે.

.........................................

## UBHARAT NO DARIYO

ગઈકાલે રક્ષાબંધનના તહેવારના દિવસે નવસારી પાસે ઉભરાટનાં દરિયામાં ડૂબી જવાની ત્રણ અલગ અલગ ઘટનામાં બે યુવાનોનાં મૃત્યુ થયા છે. આ બે યુવાનો સુરતના લિંબાયત અને ભેસ્તાન વિસ્તારના હતા. આ ઘટનામાં એક યુવાનને બચાવી લેવામાં આવ્યો હતો, જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

---------------

## NFSU SPACE DAY

ભારતમાં ગત વર્ષે 'ચંદ્રયાન-૩' મિશનની સફળતાના પરિણામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે ૨૩મી ઓગસ્ટે 'નેશનલ સ્પેસ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે નેશનલ

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી- NFSU ગાંધીનગર, ખાતે 'નેશનલ સ્પેસ ડે'ના ઉપલક્ષ્યમાં એક દિવસીય 'વર્કશોપ' યોજાયો હતો.

------------